વડીલોને વંદન

અભિનંદન

નર્મદાબેન પોપટલાલ પટેલ
(૧૯૪૭)મો.૯૭૧૨૫૭૨૭૨૯

રામચંદ્ર વાધુમલ રંગવાણી
(૧૯૪૨)ફોનઃ(૦૨૬૫)૬૫૪૪૬૭૭



અમીધર ગોરધનદાસ જરદોસ
(૧૯૩૬)મો.૯૯૦૪૧૫૭૧૩૫

આજે તલાટી કૌભાંડના વિરોધમાં 'આપ'ના ધરણા

ગાંધીનગર, તા.૧૭

તલાટીની ભરતીમાં ભ્રષ્ટાચારના આરોપસર ઝડપાયેલા સંચાલક ભાજપનો કાર્યકર હોવાથી, ભાજપ પર ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે આવતી કાલે ગાંધીનગર આમ આદમી પાર્ટી દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેની માહિતી ગાંધીનગર અને ચિલોડાના આપ પાર્ટીના સંયોજક દેવેન્દ્ર જાનીએ આપી હતી.

કવિશ્રી દાદની સર્જનયાત્રા પર વ્યાખ્યાન યોજાશે

વિશ્વકોષ ટ્રસ્ટ અમદાવાદ ઉસ્માનપુરા ખાતે કવિશ્રી દાદની સર્જનયાત્રા પર જાણીતા ચિંતક અને માહિતી કમિશનર વી.એસ. ગઢવી તા. ૧૯ ફેબ્રુઆરી સાંજે ૫-૦૦ કલાકે વિશ્વકોષ ટ્રસ્ટ ખાતે વ્યાખ્યાન આપશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સાહિત્ય પ્રેમીઓને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે.

મુખ્યપ્રધાન મોદીના નેશનલ સમિટને સંબોધન પર નજર

બેન્કીંગ અને વીમા ક્ષેત્રના લીડર્સ સાથે સ્પેશ્યલ રાઉન્ડ ટેબલ ડિસ્કશન પણ હાથ ધરાશે : તડામાર તૈયારીઓ શરૂ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત સરકારે પોતાના નાણાં વિભાગ મારફત ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી), ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સ (આઈએમસી) અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટીના સાથ અને સહકારથી ફાઈનાન્સિયલ સર્વિસીઝ અ કિ ડ્રાઈવર ફોર ઈકોનોમિક ગ્રોથ વિશેની એક રાષ્ટ્રીય પરીષદનું આયોજન કર્યું છે. આ પરિષદ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ગિફ્ટ સીટી ખાતે યોજાશે. જેમાં બેન્કીંગ તથા ઈન્સ્યોરન્સ કંપનીઓના લીડર્સ તેમજ કેન્દ્ર તથા રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ એક સ્થળે એકત્રિત થશે.

ગ્લોબલ ફાઈનાન્સિયલ હબનું ડેવલપમેન્ટ નાણાંકીય સેવાઓમાં અસરકારતા લાવવા તથા દેશના આર્થિક વિકાસમાં તેની ભૂમિકા બદલ આવશ્યક મનાય છે. ગ્લોબલ ફાઈનાન્સિયલ હબના વિકાસને ઝડપી બનાવે એવા વ્યવહારિક નિયમો, પ્રક્રિયાઓ તથા સુવિધાઓ એક સ્થળે લાવવાની પ્રક્રિયાને સરળ બનાવવી એ આ નેશનલ સમિટ પાછળનો હેતુ છે. ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી આ સમિટને સંબોધિત કરશે તેમજ બેન્કીંગ અને વીમા ક્ષેત્રના લીડર્સ સાથે એક સ્પેશિયલ રાઉન્ડ ટેબલ ડિસ્કશન યોજાશે. કૃષિ ક્ષેત્ર, ઉદ્યોગો, વેપાર, નિકાસ વગેરે જેવા અર્થતંત્રના વિવિધ સેગમેન્ટસની પ્રગતિમાં નાણાંકીય સેવાઓનું ક્ષેત્ર મહત્વની ભૂમિકા અદા કરે છે. આ ક્ષેત્ર વિવિધ વણસ્પર્શ્યા ક્ષેત્રોને પ્રણાલીમાં લાવીને અર્થતંત્રને ખૂબ મોટું પ્રોત્સાહન પુરૂં પાડે છે અને એ રીતે આર્થિક વિકાસને મદદરૂપ થાય છે. જો કે આવનારા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવાઓની વધતી જતી વ્યાપારિક જરૂરીયાતોની સાથે જીડીપીમાં અને રોજગાર સર્જનમાં નાણાંકીય સેવાઓનો હિસ્સાની દૃષ્ટિએ નાણાંકીય સેવાઓના ક્ષેત્રનું મહત્વ નોંધપાત્રપણે વધશે. ભારત ફાઈનાન્સિયલ અને કેપિટલ માર્કેટસે વધુ ઉંડાઈ અને કદ પ્રાપ્ત કર્યા છે, તેવા સમયે ભારત માટે સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય ગ્રાહકો, બંનેની જરૂરીયાત સંતોષવા માટે સુઆયોજિત ગ્લોબલ ફાઈનાન્સિયલ હબ્સ આવશ્યક છે. આ પ્રકારના ગ્લોબલ ફાઈનાન્સિયલ હબમાં એવું પ્રોત્સાહનજનક સંસ્થાકીય માળખુ હોવું જોઈએ કે જેના નિયમો આ પ્રકારના અન્ય હબમાં પ્રવર્તતી શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે તુલના થઈ શકે માત્ર એવા જ હોવા જોઈએ નહીં, પણ તે ભારતમાં આ પ્રકારની સેવાઓ આકર્ષી શકે એટલા શ્રેષ્ઠ હોવા જોઈએ. ગુજરાત સરકારે ગિફ્ટ સીટીમાં એક અતિ આધુનિક ગ્લોબલ ફાઈનાન્સિયલ હબ વિકસાવવાની પહેલ હાથ ધરી છે. સંપૂર્ણપણે વિકસિત થયેલું ગિફ્ટ સીટી આશરે પાંચ લાખ પ્રત્યક્ષ રોજગારી પૂરી પાડશે. જેમાં મુખ્યત્વે ફાઈનાન્સિયલ અને સંબંધિત આઈટી સર્વિસિઝનો સમાવેશ થશે. સંબંધિત સેવાઓના ક્ષેત્રે વધુ પાંચ લાખ નોકરીનું સર્જન કરાશે. ફાઈનાન્સિયલ સર્વિસીઝની સરળ અને અસરકારક કામગીરી માટે પ્રોત્સાહનજનક વ્યાપારીક માહોલ અને જીવનની ગુણવત્તા પૂરી પાડવા માટે ગિફ્ટ સીટીના વિકાસમાં પૂરતી કાળજી લેવાઈ રહી છે.

સંતરામપુરમાં હઝરત મસ્તાન બાવાનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૧૭

સંતરામપુરમાં હઝરત મસ્તાન બાવા શનિરિફાઈ દરગાહ શરીફનું સંદલ તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ ઉર્સ મુબારક તા. ૧૯મીના રોજ સાનોસોકતથી મનાવવામાં આવશે. આ પ્રસંગે વાયઝ તકરીર રિફાઈ મહેફીલે સમા કવ્વાલીનું આયોજન કરવામાં આવેલ છે. સંતરામપુર ખાતે આ ઉર્સ કોમી એકતા સદભાવનાના ભાગરૂપે મનાવવામાં આવે છે. ગાંધીનગરથી સંતરામપુર મસ્તાન બાવાની દરગાહ શરીફ સુધી પગપાળા મેદની રવાના થયેલ છે. ગાદીનશની ઈનાયત બાવાને તમામ મુસ્લિમ બિરાદરોને હાજર રહેવા જણાવેલ છે.

પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

પ્રેરણા વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારંભમાં મહેમાન શ્રી કે.કે. પટેલ હાજર રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સમયના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. રાજેન્દ્ર આનંદ મનોચિકિત્સ એ વ્યસન મુકિત વિશે જણાવ્યું હતું અને પરીક્ષામાં વિદ્યાર્થીઓનો ડર દૂર થાય તે વિષે સમજ આપી હતી. શાળાના ટ્રસ્ટીશ્રી પ્રદિપસિંહ બિહોલા, આચાર્યશ્રી સ્વાતિબા રાઓલે વિદ્યાર્થીઓને પરીક્ષા જરુરી માર્ગદર્શન આપી શુભેચ્છા વ્યકત કરી હતી. આચાર્ય શ્રી સ્વાતિબા રાઓલે આભાર વ્યકત કર્યો હતો.

ગુજરાત કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર વિકલંગા લોકોને ટ્રીસાઈકલ આપવા સાથે સંબંધિત કાર્યક્રમનું આયોજન કરાયુ.

ગુજરાત નેશનલ લો યુનિ.નો પદવીદાન સમારોહ યોજાયો

અમદાવાદ, તા.૧૭

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ આજે યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં કુલ ૧૪૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી અને ૨૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં અરૂનીમાં ચંદ્રાને કુલ સાત મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના યોજવામાં આવેલા પાંચમાં પદવીદાન સમારંભમાં વિદ્યાર્થઈઓને સંબોધતા સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અનિલ આર. દવેએ જણાવ્યું હતું કે આજે ભલે તમને ડિગ્રી મળી હોય પરંતુ તમે આજીવન વિદ્યાર્થી રહેજો અને હંમેશા નવું શીખતા રહેજો. જો તમે શીખવાનું બંધ કરશો તો તમારી પ્રગતિનો અંત આવી જશે. તમે આજે જે કંઈ મેળવ્યું છે તેમાં સમાજનો મોટો ફાળો છે માટે હવે સમાને પાછું આપવાનો સમય આવ્યો છે. હંમેશા ગરીબને મદદ અને એથિક્સ જાળવીને કાર્ય કરજો. આ સમારંભમાં કાયદા અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આજના સમયમાં કોર્ટ ઉપરાંત ઉદ્યોગો, બેન્ક અને અન્ય ક્ષેત્રોમાં સારા વકીલોની ખૂબ જરૂર છે. તેમણે વિદ્યાર્થીઓને મહત્વની શીખામણ આપતા જણાવ્યું હતું કે હંમેશા નીતિમત્તા, પ્રમાણિકતા, દેશભક્તિ, શિસ્તબદ્ધતાથી કામ કરજો. રાજ્યના મુખ્યમંત્રીએ તાજેતરમાં આ યુનિવર્સિટીને રૂપિયા ૩૦ કરોડની સહાય આપી છે. સમારંભની શરૂઆતમાં જીએનએલયુના ડિરેક્ટર પ્રો. બીમલ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સમારંભમાં રાજ્યકક્ષાના કાયદા અને ન્યાયમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આજે કુલ ૧૪૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી અને ૨૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં અરૂનીમા ચંદ્રાને કુલ સાત મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

જાસુસી કાંડ : સોગંદનામા સાથે સિંઘલ હાજર થવા માટે તૈયાર

દેશભરમાં ખળભળાટ મચાવનાર માધુરી જાસુસી કાંડમાં રાજ્ય સરકાર દ્વારા રચાયેલ પંચ સામે એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ અધિકારી જી.એલ. સિંઘલ ટૂંક સમયમાં હાજર થાય તેવી સંભાવના છે. સિંઘલ સોગંદનામા સાથે હાજર થશે. મળતી માહિતી અનુસાર સોગંદનામામાં સિંઘલ પોતાને સૂચના આપનાર રાજ્યના એક અન્ય આઈએએસ અધિકારીના નામનો પર્દાફાશ કરે તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ઉપરાંત તેઓ સુજ્ઞાબેન ભટ્ટ પંચ સમક્ષ એ ફોન પણ રજુ કરશે જેના પર તેમણે રાજકારણીઓ અને આઈપીએસ અધિકારીઓના ફોન ટેપ કર્યાહતા. માધુરી નામની યુવતીની રાજ્ય સરકાર દ્વારા કથિત જાસુસી કરી હોવાની ઘટના અંગેનો પર્દાફાશ વેબ પોર્ટલ ગુલેલ.કોમ અને કોબ્રા પોસ્ટે કર્યો હતો. તેમણે પર્દાફાશ કરી માહિતી આપી હતી કે ગુજરાત સરકારે એક મહિલાની ખાનગી રાહે ગેરકાયદેસર જાસુસી કરવા રાજ્યની મશીનરીનો દુરૂપયોગ કર્યો હતો. જેમાં રાજ્ય સરકારે સુજ્ઞાબેન ભટ્ટ પંચની રચના કરી કથિત મહિલા જાસુસી કાંડની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. આગામી સમયમાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ ઓફિસર જીએલ સિંઘલ પંચ સમક્ષ સોગંદનામા સાથે હાજર થવાના છે. તેઓ પંચ સમક્ષ એ ફોન રજુ કરશે જેના પર તેમણે રાજકારણીઓ અને આઈપીએસ અધિકારીઓના ફોન ટેપ કર્યો હતો. ઉપરાંત પંચ એ બાબતની તપાસ કરી રહ્યું છે કે જાસુસી કાંડના સ્ટિંગ ઓપરેશનની ટેપ કે ઈશરત એન્કાઉન્ટરની તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમને સુપરત કરાઈ હતી તે ન્યૂઝ વેબસાઈટ ગુલેલ અને કોબ્રા પોસ્ટ પર કેવી રીતે લીક થઈ હતી? તેના માટે પંચે ગુલેલના પત્રકાર આશિષ ખેતાનને સમન્સ પાઠવ્યો હતો પણ તેમણે પંચની કાયદેસરતા પર જ સવાલ ઉઠાવી પંચ સમક્ષ હાજર રહેવાનો ઈન્કાર કરી તે બાબતે પંચ સમક્ષ સોગંદનામુ રજુ કર્યું હતું. સુજ્ઞાબેન ભટ્ટ પંચે જી.એલ. સિંઘલને પંચ સમક્ષ હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે. સિંઘલે હાજર થવા દસ દિવસનો સમય માંગ્યો છે તેઓ ટૂંક સમયમાં પંચ સમક્ષ હાજર થશે. રાજ્ય ગૃહ વિભાગ અને તંત્રના નજીકના કેટલાક આઈપીએસ અધિકારીઓ જી.એલ. સિંઘલને રાજીનામુ પાછુ ખેંચી નોકરી પર ફરી હાજર થવા મનાવી રહ્યા છે.

નરોડા પાટિયા કેસ : માયા કોડનાનીને સુપ્રીમથી રાહત

બર્ન ઈજાની સાથે સંબંધિત તબીબી પ્રમાણપત્ર રજુ કરવા ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાનને સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ

અમદાવાદ, તા.૧૭

વર્ષ ૨૦૦૨માં નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં અપરાધી ઠેરવવામાં આવેલા ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાન માયાબેન કોડનાનીને આજે સુપ્રીમ કોર્ટથી મોટી રાહત મળી હતી કારણ કે સુપ્રીમ કોર્ટે વચગાળાની જામીનને એક સપ્તાહ સુધી લંબાવી દીધી હતી. બર્નઈન્જરી બાદ સુપ્રીમ કોર્ટે આ રાહત આપી હતી. જામીનને લંબાવતીવેળા સુપ્રીમ કોર્ટે બર્ન ઈજા સાથે સંબંધિત તબીબી પ્રમાણપત્ર રજુ કરવા માયાબેનને આદેશ કર્યો હતો. માયાબેને ગુજરાત હાઈકોર્ટમાં ૧૮૦ દિવસ સુધી જામીનને લંબાવવાની માંગ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટે ત્રણ મહિનાથી વધુ સમય માટે વચગાળાના જામીન વધારવા ના પાડી દીધી હતી જેમાં તેમણે જાણીતા વકીલ રામ જેઠમલાણી મારફત વચગાળાના જામીન વધારવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે માયાબેન કોડનાણીને એક અઠવાડીયા સુધીના વચગાળાના જામીન વધારી આપી છે. સુપ્રીમ કોર્ટે માયાબેન કોડનાણીને થયેલ બર્ન ઈન્જરીની તકલીફના કારણે એક અઠવાડીયાની રાહત આપી છે. હવે આગામી સોમવારે અરજી પર સુનાવણી હાથ ધરાશે. વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરાકાંડ બાદ અમદાવાદ શહેરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. જેમાં શહેરના નરોડા-પાટીયા વિસ્તારમાં પણ નરસંહારની ઘટના બની હતી. નરોડા-પાટીયા કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ સીટે ભાજપના ધારાસભ્ય અને મહિલા અને બાળકલ્યાણ મંત્રી માયાબેન કોડનાણી વિરૂદ્ધ આરોપ સાબિત કરી દીધા હતા. આ કેસમાં સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટે તેમને ૨૬ વર્ષ જેટલા લાંબી સજા ફટકારી હતી. માયાબેન કોડનાણી છેલ્લા ઘણા સમયથી હૃદય રોગ, ડિપ્રેશન, ટીબી, ઓસ્ટ્યોપોરીસીસ જેવા રોગોથી પીડાતા હતા તેથી આ રોગોની સારવાર કરાવવા ગુજરાત હાઈકોર્ટમાં વચગાળાના જામીન માંગ્યા હતા. જેમાં હાઈકોર્ટે તેમના ત્રણ મહિનાના વચગાળાના જામીન મંજુર કર્યા હતા. માયાબેન કોડનાણીની ત્રણ મહિના વિત્યા છતાં તબીયત નહિં સુધરતા તેમણે હાઈકોર્ટમાં વચગાળાની જામીનની અવધી વધારવા માંગ કરી હતી પણ હાઈકોર્ટે તેમની માંગણી ફગાવી દીધી હતી. ત્યારબાદ તેમણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી જેમાં તેમના વકીલ રામ જેઠમલાણીએ રજુઆત કરી હતી કે તેઓ મંદિર પાસે પડી જતા દીવાથી દાઝી ગયા હતા અને હાલ તેઓ સારવાર હેઠળ છે. સુપ્રીમ કોર્ટે માયાબેન કોડનાણીને થોડી રાહત આપી છે. પણ સુપ્રીમ કોર્ટના આદેશથી માયાબેન કોડનાણીની મુશ્કેલીઓમાં થોડી રાહત થઈ છે. આમ પણ તેઓ ગંભીર બિમારીઓથી પીડાઈ રહ્યા છે તેમના ૧૩મી ફેબ્રુઆરીના રોજ ત્રણ મહિનાના વચગાળાના જામીન પૂર્ણ થઈ ગયા હતા પણ તેઓને સુપ્રીમ કોર્ટે વધુ એક અઠવાડીયા સુધી વચગાળાની જામીન અરજી વધારી આપવા હાલ પૂરતી તેમને થોડી રાહત થઈ છે. હવે આગામી સોમવારે અરજીની વધુ સુનાવણી હાથ ધરાશે.

શબ્દાવલી - ૫૩૧૭

૧	૨	૩		૪	■	■	૫
૬			■	૭	૮	૯	■
૧૦		■	૧૧				■
૧૨		૧૩	■	૧૪			■
■	૧૫		૧૬	■		■	૧૭
૧૮	■	૧૯		■	૨૦	૨૧	
૨૨	૨૩			■	■	૨૪	
૨૫		■	૨૬				

આડી ચાવી

૧. આવવું અને જવું તે (૫)
૫. પવન, વાહર (૧)
૬. આંખ, નયન, ચક્ષુ (૩)
૭. ટીલુ ટીલુ (૩)
૧૦. ... ચોર ગરમ (ખાવાની વસ્તુ) (૨)
૧૧. એક સુકો મેવો (૪)
૧૨. કુરાનનું મૂળસૂત્ર - ફરમાન (૩)
૧૪. વળોટવું, કૂદવું (૩)
૧૫. મા-બાપ વિનાનું, અનાથ(૩)
૧૯. ભઠ્ઠી, સગડી (૨)
૨૦. ઝાડના રસમાંથી બનતો એક પદાર્થ, ઇરેજર (૩)
૨૨. તાજીયાનો દિવસ (૪)
૨૪. એક નજર, એકીટસ (૨)
૨૫. પાઇપ, ભુંગળી (૨)
૨૬. માથાકુટ, માથાફોડ (૫)

ઊભી ચાવી

૧. આલોચના કરનાર (૪)
૨. લાઇબ્રેરી, પુસ્તકાલય (૫)
૩. બંદુક, રીવોલ્વર (૨)
૪. તોફાની, ટીખળી (૪)
૮. બીજા ઉપર ઉપકાર કરવો તે (૪)
૯. છાજીયા લેવા (૩)
૧૩. કળીના (લાડુ) (૪)
૧૬. મુલાયમ કાપડ (૪)
૧૭. માંકડુ (૪)
૧૮. પાલવ, આંચલ (૩)
૨૧. ટૂકડો, ડૂચો (૩)
૨૩. રંગોનો તહેવાર (૨)

શબ્દાવલી ૫૩૧૬ના જવાબ

આડી ચાવી :- (૧) વસંત (૪) લથપથ (૬) વાસુદેવ (૮) ખેદ (૯) આજીજી (૧૧) ભેળસેળ (૧૩) નારદ (૧૫) તાસ (૧૬) વિભાજન (૧૮) દાટો (૨૦) રમી (૨૪) તટ

ઊભી ચાવી :- (૧) સંવાદ (૩) તસુ (૪) લવ (૫) પરેજી (૭) દેવળ (૮) ખેવના (૯) આળસ (૧૦) જીવસટોસટ (૧૧) ભેદભાવ (૧૨) સેતાન (૧૪) રવિ (૧૭) જરૂર (૧૮) દાનત (૧૯) ગામ

અંદાજપત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીમતિ પટેલ તેમના આ બજેટમાં કુપોષણ, શિક્ષણ, આરોગ્ય તેમજ કૃષિ માટે વધુ નાણાંની ફાળવણી કરે તેવી સંભાવનાઓ છે. તેમણે તેમના આ સૂચિત બજેટમાં સ્વભંડોળમાંથી ૬ કરોડ કરતાં પણ વધુ ખર્ચ કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. જો કે આ પછી પણ લગભગ ૬ કરોડ રૂ.ની બચત રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે.

સભ્યોને તેમના વિસ્તારના વિકાસ માટે ખાસ ગ્રાન્ટ આપવાનો ઐતહાસિક નિર્ણય લેનાર શ્રીમતિ પટેલ આ બજેટમાં કેટલીક મહત્વની યોજનાઓ રજુ કરે તેવા સંકેતો મળી રહ્યા છે.

સરકારી પ્રવૃત્તિ પાછળ સરકાર દ્વારા જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં ઘટાડો થવાની શક્યતાઓ છે ત્યારે શ્રીમતિ પટેલે સ્વભંડોળમાંથી વિકાસના કામો માટે વધુ નાણાં ફાળવવાનો અભિગમ અપનાવ્યો હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લા પંચાયતની આવકના સાધનો સિમીત છે પરંતુ નવા સાધનો પણ ઉભા કરવા અંગેની કવાયત ચાલી રહી હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે. જેમાં ખાસ કરીને પંચાયત સંકુલમાં એક એ.ટી.એમ. સેન્ટર શરૂ કરી આવક મેળવવાના વિકલ્પ પર વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત રેતી-કાંકરીની ગ્રાન્ટમાં વધારો થાય તે માટે સરકારમાં રજુઆત કરાશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં નિકાસની સાથે સાથે કૂપોષણની સમસ્યાના નિરાકરણ માટે અસરકારક વ્યુહરચના પણ અંદાજપત્રમાં રજુ કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

ફરિયાદ નિવારણ વ્યવસ્થાપન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવવા તેમના સુચનો રજુ કર્યા અને આગામી સમયમાં આ સુવિધા વધુ લોકભાગ્ય બને તે માટે જે તે કાઉન્સિલરશ્રીને તેમના વિસ્તારની ફરિયાદોના નિયમન અંગે માહિતી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચનો કર્યા. મેયરશ્રી અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રીએ ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક જે જે સેવાઓ સોંપાયેલ નથી તેની ફરિયાદો અંગે ફરિયાદીને જે તે કચેરીના ટેલીફોન નંબરો આપવામાં આવે ફરિયાદ નિવારણની કામગીરી સાથે રોકાયેલ સ્ટાફને યોગ્ય સગવડો વાળા મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવે અને આ સમગ્ર કામગીરીના નિયમન માટે મહાનગરપાલિકાના એક અધિકારીને જવાબદારી સોંપવામાં આવે તેવું સુચન કર્યું. ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર અને કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા પ્રથમ તબક્કામાં ફરિયાદોના નિવારણ બાબતે કંટ્રોલ રૂમ ખાતે જ જરુરી રીપોર્ટ મેળવી ફરિયાદ નિકાલ થયા અંગેની વિગતો પોર્ટલમાં અપલોડ કરી એસ.એમ.એસ. દ્વારા પોર્ટલમાંથી જે તે ફરિયાદીને નિકાલની જાણ થાય તેવી વ્યવસ્થા ગોઠવી છે તેવી જાણકારી આપી. સવારના ૮-૦૦ થી રાત્રીના ૮-૦૦ દરમિયાન ઓપરેટર દ્વારા ફરિયાદો નોંધવામાં આવશે અને ફરિયાદીને તે અંગેની જાણ કરવામાં આવશે. આ સમય સિવાયના સમય દરમિયાન જે કોઈ ફરિયાદો ઓનલાઈન કે એસ.એમ.એસ.થી મોકલવામાં આવશે તેનું રજીસ્ટ્રેશન સવારના ૮-૦૦ થી રાત્રીના ૮-૦૦ સુધી કરવામાં આવશે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તબક્કાવાર આ વ્યવસ્થાનું અપગ્રેડેશન કરવામાં આવશે તેવી જાણકારી આપી.

બાયોડેટા તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આજે પોલીસે ડૉ. ચંપાવત પાસેથી હકીકતો ઓકાવવા માટે પુછપરછ હાથ ધરી હતી જેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. પોલીસે પુછપરછ કરતા ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે ગુજરાત ભાજપના એક સિનિયર અને મોદીના વિશ્વાસુ ગણાતા નેતાના કહેવાથી લોકસભાની ચૂંટણી માટે સાબરકાંઠા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા ૧૦ થી ૧૫ પાનાનો મોટો મસ્ત બાયોડેટા તૈયાર કરાવ્યો હતો. તેવી પણ હકીકત બહાર આવી છે. ઉપરાંત અગાઉની ચૂંટણીમાં ભાજપ તરફથી બે-ત્રણ જિલ્લાની બેઠકો પર પણ ચૂંટણી પ્રચાર કરી ચૂક્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૨ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગરના સેક્ટર-૬ ખાતે યોજાયેલી નરેન્દ્રભાઈ મોદીની જાહેર સભામાં પોતે મુખ્યમંત્રીની હાજરી મા જ પ્રવચન કર્યુ હતુ. ઉપરાંત સરકારની વિવિધ યોજનામાં કામગીરી કરી હતી અને સરકારી અધિકારી અને કર્મચારીઓને તાલીમ પણ આપી ચૂક્યા છે. આથી ચોક્કસપણે ભાજપના નેતાઓ સાથે ક્યાંક ને ક્યાંક કનેક્શન હોવાની ચર્ચાએ પણ ભારે જોર પકડ્યુ છે.

લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા ઈચ્છુક ડૉ. ચંપાવતે આ ચૂંટણી ભંડોળ એકઠુ કરવા કયા કયા નેતાઓની સંડોવણી છે તે દિશામાં પણ પોલીસ સઘન તપાસનો દોર શરૂ કરી રહી છે.

ઉપરાંત પોલીસ આજે દરોડા દરમિયાન ડૉ. ચંપાવત પાસેથી કબજે કરેલા કુલ ૮૮ (હોલ ટીકીટ) કોલ લેટરના ઉમેદવારોને પણ નોટીસ ફટકારી છે. જેથી ઉમેદવારોમાં પણ ફફડાટ ફેલાયો છે.

સંકુલોના લોકાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યું છે. જ્યારે આગામી દિવસોમાં નગરના અન્ય ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા પણ પાણીની જરૂરિયાત સંતોષવામાં આવશે. આ ઉપરાંત 'ઘ' માર્ગ પર નવનિર્મિત જિલ્લાકક્ષાની કચેરીઓના બિલ્ડિંગનું પણ લોકાર્પણ કરવામાં આવશે. સાત મજલાના આ અદ્યતન બિલ્ડીંગમાં તમામ આધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. નવનિર્મિત બિલ્ડીંગમાં આગામી દિવસોમાં જિલ્લાકક્ષાની વિવિધ કચેરીઓનું સ્થળાંતર કરાશે. હાલ એમ.એસ. બિલ્ડીંગમાં કાર્યરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓ સહીત અન્ય ઓફિસો પણ નવા બિલ્ડીંગમાં કાર્યરત થશે. જ્યારે સે. ૧૦-એમાં રાજ્યકક્ષાની કચેરીઓના અદ્યતન બિલ્ડીંગનું પણ લોકાર્પણ કરાશે. આ ઉપરાંત ગાંધીનગર-મહુડી પ્રવાસનપથ તરીકે ઓળખાતા આ માર્ગને ફોરલેન બનાવવા માટે પણ અંદાજિત રૂ. ૭૦ કરોડથી વધુ ખર્ચ થવાનો છે. આ કાર્યયોજનાને અંજામ આપવા પણ ખાતમુહૂર્તવિધિ કરવામાં આવશે.

લેખાનુદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમવાર બીજી વિધાનસભાના પ્રથમ સત્રમાં ૧૯૬૨-૬૩માં નાણામંત્રી જીવરાજભાઈ મહેતાએ ૨૨-૩-૧૯૬૨ના રોજ લેખાનુદાન બજેટ રજુ કર્યુ હતુ. ચૂંટણી પછીનું પહેલુ સત્ર હોવાને કારણે લેખાનુદાન બજેટ લાવવામાં આવ્યું હતું.

૧૯૬૨થી લઈને ૨૦૦૪ સુધીના સમયગાળા દરમ્યાન ૧૭ વાર લેખાનુદાન બજેટ વિધાનસભામાં રજુ થયેલા છે. આઠ વાર ચૂંટણી પછીના પહેલા સત્ર હોવાને કારણે લેખાનુદાન બજેટ રજુ કરવામાં આવ્યા હતા. બે વાર ૯-૨-૭૪ થી ૧૮-૬-૧૯૭૫ દરમ્યાન રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન હોવાને કારણે લોકસભામાં લેખાનુદાન પ્રસ્તાવ રજુ થયો હતો. આ ઉપરાંત ૧૭-૨-૮૦ થી ૫-૬-૮૦ દરમ્યાન રાષ્ટ્રપતિ શાસનના કારણે લોકસભામાં લેખાનુદાન પ્રસ્તાવ રજુ થયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ૧૯૭૧-૭૨ના ગાળા દરમ્યાન મંત્રીમંડળમાં અસ્થિરતા ઉભી થવાને કારણે નાણામંત્રી બાબુભાઈ પટેલે ૨૫-૩-૭૧ના રોજ લેખાનુદાન બજેટ રજુ કર્યુ હતુ. આ ઉપરાંત વિધાનસભાના ઈતિહાસમાં બે વર્ષ એવા હતા. ૧૯૮૮-૮૯ના વર્ષમાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થતાં અને વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં ભૂકંપના કારણે લેખાનુદાન બજેટ રજુ કરવામાં આવ્યા હતા.

લોકસભાની ચૂંટણી હોવાને કારણે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન નાણામંત્રી વજુભાઈ વાળાએ ૨૪-૨-૨૦૦૪ના રોજ લેખાનુદાન બજેટ રજુ કર્યુ હતું. આ વર્ષે પણ લોકસભા ચૂંટણી આવી રહી હોઈ આ ચૂંટણીના કારણે ૨૦મી ફેબ્રુઆરી-૨૦૧૪ થી શરૂ થતા વિધાનસભા સત્રમાં નાણામંત્રી નીતિનભાઈ પટેલ લેખાનુદાન બજેટ રજુ કરનાર છે. નાણામંત્રી આગામી ચાર મહિના માટેનું લેખાનુદાન બજેટ રજુ કરનાર હોવાનું જાણવા મળે છે.

જાહેર નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં. ૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઉનાળાના ૪ માસ માટે એરકુલર નંગ-૧૭ ભાડે રાખવા માટે રસ ધરાવતી પેઢીઓ તરફથી એરકુલર મોડલ નંબર સહિત એક માસના ભાડાની કિંમત માટે તા. ૧૫-૩-૨૦૧૪ સુધીમાં ભાવપત્રક રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

કમિશનર વતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૬૦૩/૧૩-૧૪